# ઘ-0 થી રિલાયન્સ ચોકડી વચ્ચે ખાણી-પીણીની લારી-ગલ્લાના દબાણો

## ઈન્ફોસિટી બાઉન્ડરી દીવાલ પાસે લારી-ગલ્લાની ગંદકી અને અડચણ દૂર કરવાની માંગ ઉઠી આ વિસ્તારને સુશોભિત કરી પાટનગરની શાનમાં વધારો કરવાની અપીલ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના પ્રવેશદ્વાર સમાન ઘ-0 સર્કલથી રિલાયન્સ સર્કલ સુધીના માર્ગ ઉપર મોટી બ્રાન્ડેડ કંપનીઓ તેમજ ઈન્સ્ટિટ્યૂટ આવેલી છે. રિલાયન્સ સર્કલથી ઘ-0 સુધીનો ધોરીમાર્ગ એ પાટનગરની શાન બની શકે તેવો વિસ્તાર છે. પરંતુ વર્ષોથી આ વિસ્તારમાં લારી-ગલ્લાના કારણે ગંદકી સર્જાઈ રહી છે. તેથી ઈન્ફોસિટી બાઉન્ડરી દીવાલથી પાટનગર યોજના ભવન રોડની ફૂટપાથ પર લારી ગલ્લાના માલિક દ્વારા થતી ગંદકી અને અડચણ દૂર કરવાની ઉગ્ર માંગ ઉઠી રહી છે. તથા આ વિસ્તારમાં ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટની દેખરેખમાં આવેલી જમીનને વનવિભાગ અને કોર્પોરેશન બંનેને સાથે મળીને સુશોભિત કરવાનો પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવે તો આ વિસ્તાર પાટનગરની શાન બની શકે તેમ છે.

આ વિસ્તારમાં ઘણા સમયથી અનઅધિકૃત રીતે ફોરેસ્ટની જમીન ઉપર લારી-ગલ્લા માલિકો દ્વારા દબાણ થયેલું છે. ખાણી-પીણીના કારણે સફાઈ બરાબર થતી નથી અને જંગલી જાનવર તેમજ રખડતા કૂતરાઓનો પણ આ વિસ્તારમાં ત્રાસ જોવા મળી રહ્યો છે. લારી-ગલ્લા ઉપર આવતા નાગરિકો તેમજ બહારની કંપનીના સ્ટાફ દ્વારા આડેધડ વાહનો પાર્ક કરવામાં આવે છે. આ યુવાનો દ્વારા ઘણીવાર વધારે સ્પીડમાં વાહનો હંકારવામાં આવતા હોય છે જેના કારણે માર્ગ અકસ્માત થવાની સંભાવના રહેલી છે. ગેરકાનૂની લારી-ગલ્લાના માલિકોને કોર્પોરેશન અને ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ સ્ટાફ દ્વારા ઘણી વખત વિનંતી કરવામાં આવી છે પરંતુ કોઈ હકારાત્મક પ્રતિભાવ







મળતો નથી. ઈન્ફોસિટી કેમ્પસમાં આવેલી વિવિધ આઈટી કંપની મેનેજમેન્ટ અને માલિકો દ્વારા ક્રિએટિવ મેનેજમેન્ટને સમય સમયાંતરે સ્વચ્છતા માટે રિકવેસ્ટ કરવામાં આવે છે તેમ છતાં કોઈ ઉકેલ આવી રહ્યો નથી. રાત્રી સમયે અંધારામાં લારી-ગલ્લા ઉપર અસામાજિક તત્વો પણ એકઠા થાય છે. ઈન્ફોસિટી કેમ્પસમાં અંદાજે ૬૪૦ જેટલી યુવતીઓ વર્કિંગ વુમન્સ તરીકે વ્યવસાય માટે અવરજવર કરે છે અને આવા ઉપદ્રવના કારણે બહારથી ઈન્ફોસિટીમાં આવતા જતા અવાર-નવાર છેડતીના બનાવ પણ બનતા હોય છે. દબાણની તકલીફ હોવા છતાં ક્રિએટિવ મેનેજમેન્ટ છેલ્લા ત્રણ વર્ષથી ગાંધીનગર કોર્પોરેશન દ્વારા યોજાતા 'સ્વચ્છતા અભિયાન' સર્વેમાં પ્રથમ નંબરે એવોર્ડ મેળવતા રહ્યા છે. આ વિસ્તારમાંથી જેમ બને તેમ તાત્કાલિક ધોરણે આ લારી-ગલ્લાઓ દૂર કરવા અને આ વિસ્તારને વધારે સારી રીતે ઉપયોગમાં લેવા માટેની તાકીદ કરવામાં આવી હતી. રાત પડતા જ શહેરમાં નબીરાઓ ફરતા જોવા મળે છે જેમાં આ વિસ્તારમાં નબીરાઓનો ચક્રો બની ગયા હોવાથી લારી-ગલ્લા હટાવવાની માંગ કરવામાં આવી રહી છે જેથી વારંવાર યુવતિઓની છેડતી થતી અટકાવી શકાય અને દબાણની ગંદકીની પરિસ્થિતિ પણ ઉભી ન થાય.

# શહેરના શિક્ષિત સમાજમાં વધતી ઘરેલું હિંસાના કોલ

## વર્ષ-૨૦૨૧-૨૨માં કુલ ૩૯૬૪ કોલ નોધાયા જેમાં અભયમ ટીમ દ્વારા ૯૫ ટકા કેસ હલ કર્યા

ગાંધીનગર, તા. ૧૦

દિવસ દરમ્યાન નોકરી કરતી મહિલાઓ તથા યુવતીઓ અને મોડી સાંજે આવતી યુવતીઓની પજવણી તથા હેરાનગતિને રોકવા માટે ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪થી ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. જેના દ્વારા ભોગ બનેલી મહિલાઓ ઉપરાંત ફેસબુક, ફોન, વોટ્સઅપમાં થતી હેરાનગતિ બાબતે પણ તાત્કાલિક પગલા લઈને કાર્યવાહી કરાતી હોય છે. જેમાં ગાંધીનગરમાં વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૩૯૬૪ કોલ દ્વારા મહિલાઓએ મદદ લીધી છે અને ૮૩૧ જેટલા કોલમાં ૧૮૧ અભયમ વાન પહોંચીને મદદરૂપ બની છે. જેમાં સૌથી વધારે ઘરેલું હિંસાના કોલ નોંધાયા છે. વર્ષ ૨૦૧૯ થી માર્ચ ૨૦૨૨ સુધીમાં ૧૯૫૩૧ કોલ નોંધાયા જેમાં ઘરેલું હિંસાના ૭૬૯૨ કોલ નોંધાયા છે.

ગુજરાત સરકાર દ્વારા કાર્યરત ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનને મુશ્કેલમાં મુકાયેલી મહિલાઓ દિનપ્રતિદિન વધુને વધુ મદદ, માર્ગદર્શન અને સહાય મેળવી રહ્યા છે. આજના ટેકનોલોજીના યુગમાં મોબાઈલ, વોટ્સઅપ, ફેસબુક, ઈન્સ્ટ્રાગ્રામ, ઈ-મેઈલ વગેરેથી સંદેશા વ્યવહાર ઝડપી બન્યું છે. પરંતુ આ ટેકનોલોજીનો ઉપયોગ કરી મહિલાઓને હેરાન કરવા, તેઓને બ્લેકમેલ કરી તેઓના શારીરિક, આર્થિક, ગેર ઉપયોગના કિસ્સા જોવા મળી રહ્યા છે. તરૂણીઓ, વિદ્યાર્થીનીઓ, જોબ કરતી મહિલા કર્મચારીઓ તેમજ ગૃહિણીઓ પણ ટેલિફોનિક પજવણીનો જાણતા અજાણતા ભોગ બની શકે છે જેથી અજાણી વ્યક્તિને પોતાના ફોટા, ડોક્યુમેન્ટ કે અંગત કિસ્સાઓ આપતાં પહેલા ખૂબ કાળજી લેવાની જરૂર છે. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા મહિલાઓને તેમની મુશ્કેલીના સમયે ટેલિફોનિક કાઉન્સેલિંગ અને ખાસ કિસ્સામાં સ્થળ પર જઈને રેસ્ક્યુ દ્વારા મદદ અને બચાવ કરે છે. અભયમ એક્શન ડેસ્કના ફરજ પરના સ્ટાફ દ્વારા શરૂઆતમાં ભોગ બનનાર મહિલા સાથે વિગતે માહિતી મેળવે છે હેરાન કરનાર રોમિયોનો નંબર મેળવી તેને ટેકનોલોજીની મદદથી ડેટાબાઈઝ કરી ટ્રેકીંગ કરે છે. જેને બિનજરૂરી કોલ કે મેસેજ ના કરવા સૂચના આપે છે અને તાકીદ કરવામાં આવે છે કે હવે પછી આ પ્રકારના કોલ કે મેસેજ આવશે તો ગુનો લાગશે. અભયમ એક્શન ડેસ્કને મળેલા કેસમાં ૯૫ ટકા કેસ હલ કરવામાં સફળતા મળી છે અને આ મદદથી મહિલાને હેરાન ગતિમાંથી મુક્તિ મળેલ છે.

### વિવિધ સમસ્યાઓ અને કોલની સંખ્યા

| | |
|---|---|
| ઘરેલુ હિંસા | ૭૬૯૨ |
| સામાન્ય માહિતી | ૧૮૬૭ |
| પજવણી | ૧૦૦૬ |
| અત્યાચાર | ૬૬૫ |
| લગ્નેતર સમસ્યા | ૫૮૯ |
| સ્ટેકિંગ | ૫૮૯ |
| શારીરિક હૂમલો | ૩૮૭ |
| શારીરિક રીતે પીછો કરવો | ૩૭૨ |
| અન્ય સંબંધ સંબંધિત સમસ્યા | ૪૨૨ |
| ઘરવિહોણા | ૩૬૫ |
| તણાવની સમસ્યા | ૨૭૭ |
| કસ્ટડીની સમસ્યા | ૨૨૧ |
| માનસિક ત્રાસ | ૧૮૧ |
| વૈવાહિક સમસ્યા | ૧૯૪ |
| નાણાંકીય-રોજગાર સમસ્યા | ૧૭૯ |
| મિલકત મુદ્દાઓ | ૧૧૨ |
| ઘરમાંથી કાઢી મુકવાના કિસ્સા | ૮૯ |
| વાલીપણાની સમસ્યા | ૧૩૮ |
| મૃત્યુની ધમકી | ૮૦ |
| કાર્યસ્થળ સંબંધિત સમસ્યા | ૫૭ |
| સ્વનુકસાન | ૧૦૨ |
| ઘરવિહોણા | ૪૮ |
| પીછો કરવો | ૪૭ |
| બાકીના કોલ | ૩૭૧૪ |
| કુલ કોલ | ૧૯૫૩૧ |

# ગાંધીનગરના કંથારપૂર મહાકાળી વડના યાત્રા-પ્રવાસન ધામ વિકાસ પ્રોજેક્ટની મુલાકાત લેતાં મુખ્યમંત્રી











ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર નજીક દહેગામ તાલુકાના કંથારપૂર મહાકાળી વડના યાત્રા-પ્રવાસન ધામ વિકાસ પ્રોજેક્ટની વિવિધ કામગીરીની જાત-માહિતી મેળવવા કંથારપૂર વડની મુલાકાત લીધી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં આ કંથારપૂર મહાકાળી વડનો ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા યાત્રા-પ્રવાસન ધામ તરીકે અદ્યતન સુવિધા સાથે વિકાસ કરવામાં આવી રહ્યો છે.


ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ આ હેતુસર રૂપિયા ૬ કરોડના ખર્ચે પ્રથમ તબક્કાના વિકાસકામોમાં આ સ્થળે નયનરમ્ય લેન્ડ સ્કેપિંગ, ધ્યાનયોગ માટેની જગ્યાઓ, એક્ઝિબિશન હોલ, પાથ-વે, ગેધરિંગ એરિયા તેમજ પાણીનો બોર, ઈલેક્ટ્રિકલ અને પ્લમ્બિંગ કામગીરી હાથ ધરી રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મંગળવારે સવારે રાજ્યના મુખ્ય સચિવ પંકજ કુમાર, પ્રવાસન સચિવ હારિત શુક્લ, યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ રાવલ, અગ્ર મુખ્ય વનસંરક્ષક રામકુમાર, તેમજ ગાંધીનગર કલેક્ટર કુલદીપ આર્ય અને અધિકારીઓ સાથે કંથારપુર મહાકાળી વડ પહોંચ્યા હતા.

અહીં વડ નીચે મહાકાળી માતાનું મંદિર આવેલું છે અને ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવતા હોય છે. એટલું જ નહીં, અડધા એકરથી વધારે જગ્યામાં પ્રસરેલી આ મહાકાય વડની વડવાઈઓ પણ પ્રકૃતિ-પર્યાવરણ પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન આ સ્થળની મુલાકાત લઈ તેને યાત્રા-પ્રવાસન ધામ તરીકે વિકસાવવાની નેમ દર્શાવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આ નેમને સાકાર કરતા યાત્રાધામ પ્રવાસન વિકાસનાં કામો આ સ્થળે ઝડપભેર ઉપાડવામાં આવ્યાં છે. મુખ્યમંત્રીએ પોતાની મુલાકાત દરમિયાન આ વિકાસકામોની તલસ્પર્શી માહિતી મેળવી હતી.

# કુડાસણ-સરગાસણ બાદ હવે વિકાસનો વારો છે વાવોલનો..!!

## વાવોલમાં નવા રોડ-રસ્તા અને સ્ટ્રિટલાઈટો સહિત વિવિધ સુવિધાઓનો વિકાસ થઈ રહ્યો છે : ગટર-પાણી વ્યવસ્થા ઉપરાંત નવા બગીચા સાથે મહાકાળી મંદિર સામે મીરાંબાઈની પ્રતિમા મુકાશે : તળાવને રીડેવલપ કરાશે





ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત દેશભરમાં વિકાસનું મોડેલ સ્ટેટ ગણાય છે અને તેની રાજધાની ગાંધીનગર પણ હવે વિકાસના પાટે પુરપાટ દોડીને "સ્માર્ટ સિટી" બનવા તરફ ધસી રહ્યું છે. ગ્રામ્ય સંસ્કૃતિની સુવાસને સાચવવા સાથે શહેરીજીવનની સુવિધાઓ સાથેના બહુમુખી વિકાસ તરફ આગળ વધી રહેલાં ગાંધીનગરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે નવો રોડમેપ તૈયાર થઈ ચુક્યો છે. અત્યાર સુધીમાં કુડાસણ, રાયસણ અને સરગાસણ જેવા વિસ્તારોમાં થયેલા ઝડપી વિકાસથી "ન્યુ ગાંધીનગર"ની ઓળખ ઉભી થઈ છે પરંતુ હવે વિકાસનો વારો વાવોલનો છે. અત્યાર સુધી વિકાસથી વંચિત રહેલા વાવોલમાં મહાનગર પાલિકામાં સમાવેશ બાદ વિકાસ કાર્યોમાં તેજી જોવા મળી રહી છે અને વાવોલ વિસ્તારની કાયાપલટ જે રીતે થઈ રહી છે તે ઉડીને આંખે વળગે તેવી છે. વાવોલ ગામતળ વિસ્તાર ઉપરાંત નવા વિકસેલા સોસાયટી વિસ્તારમાં અનેક પ્રકારના વિકાસ કાર્યો હાથ ઉપર લેવાયાં છે જેમાં રોડ-રસ્તાના નવીનીકરણ નવી એલઈડી સ્ટ્રિટલાઈટોનો ઝગમગાટ, નવા બગીચાઓનો વિકાસ થવા ઉપરાંત ગટર-પીવાના પાણી વગેરે બાબતે પણ નવી વ્યવસ્થાઓ ગોઠવાઈ રહી છે. વાવોલ વિસ્તાર તરીકે ઓળખાતા સોસાયટી વિસ્તારોમાં નવાં આંતરિક માર્ગો બન્યાં છે તે ઉપરાંત 'ક' રોડથી એક્ટેન્શન થઈને નવો "૪૫ મીટર"નો ફોરલેન રોડ બન્યો છે જે આગળ જતાં પુન્દ્રાસણ ચોકડીથી ઉવારસદ ચોકડી સુધી આરસીસી બનાવાયો છે, જેની આસપાસ નવી ટીપીમાં એફએસઆઈ પણ વધી જવાથી ૭ થઈ લઈને ૧૩ માળની નવી રહેણાંક ઉપરાંત કોમર્શિયલ સ્કીમો પણ આકાર પામી રહી છે. જોગણીમાતાના મંદિર મોટી સંખ્યામાં પાસેથી કોલવડા ચોકડીની આસપાસ નવા બગીચા વિકસી ચુક્યાં છે, તેમજ વૈદેહી રેસિડેન્સિ નજીક પાર્ટી પ્લોટ તથા ન્યુ વાવોલ તરીકે ઓળખાતા વિસ્તારમાં રમતગમત સંકુલના વિકાસનું આયોજન ચાલી રહ્યું હોવાનું જાણવામાં આવ્યું છે. આ ઉપરાંત વાવોલના ગામતળ વિસ્તારમાં પણ રોડ નં. ૩ ને જોડતાં રેલ્વે ફાટકથી ભાગોળ થઈને એમ.બી. પટેલ હાઈસ્કૂલ પાસે 'ક' રોડને મળતાં માર્ગને ફોરલેન કરવાનું આયોજન ચાલી રહ્યું છે. વાવોલના સુપ્રસિદ્ધ મહાકાળી માતાજીના મંદિર સામે વારાહીમાતાના મંદિરની આગળની જગ્યામાં ભક્તિભાવની ક્ષત્રિય શિરોમણી સંત મીરાબાઈની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવશે તેમજ વાવોલના તળાવનું બે ભાગમાં રીકન્સ્ટ્રક્ટ કરીને તેને પાણીથી ભરીને તેના કિનારે સુંદર બગીચાના નિર્માણ સાથે સમગ્ર વિસ્તારના બ્યુટિફીકેશનનું કાર્ય કરાશે તેવું આ વિસ્તારના સ્થાનિક કોર્પોરેટર તથા શહેરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે જણાવ્યું હતું. આ ઉપરાંત ન્યુ વાવોલને ઝડપથી કોમ્યુનિટી હોલ, ફિટનેસ સેન્ટર, નવુ શાકમાર્કેટ તથા લાયબ્રેરી સહિતની સુવિધાઓનો લાભ પણ મળશે. વાવોલના વિકાસના પ્લાન જોતા નજીકના ભવિષ્યમાં તેનો વિકાસ ખુબ ઝડપી બનશે તે નિશ્ચિત જણાઈ રહ્યું છે.

### ન્યુ વાવોલના ફોરલેન રોડને ઓવર બ્રિજથી 'ખ' રોડ સાથે જોડવામાં આવશે

**- પ્રેમલસિંહ ગોલ**
**ડેપ્યુટી મેયર**

"ગાંધીનગરના રોડ નં. ૩ ને વાવોલના મહાકાળી મંદિરથી 'ક' રોડ સુધી બં તરફ ફૂટપાથ સાથેનો ફોરલેન બનાવાશે તેમજ તળાવને રીડેવલપ કરી તેના કિનારે આકર્ષક બગીચાનું નિર્માણ કરાશે. આ ઉપરાંત વારાહી માતાના મંદિર આગળ સંત શિરોમણી મીરાબાઈની પ્રતિમાનું સ્થાપન કરવા સાથે વાવોલમાં સ્ટ્રિટલાઈટ, રોડ-રસ્તાના, ગટર વ્યવસ્થા અને પાણીની લાઈનના નવીનીકરણ ઉપરાંત ન્યુ વાવોલમાં સ્પોર્ટ્સ સેન્ટર, કોમ્યુનિટી હોલ, નવું શાક માર્કેટ, ફિટનેસ સેન્ટર વગેરેનું નિર્માણ કરાશે. ન્યુ વાવોલમાં વિકસી રહેલા નવા ફોરલેન રોડને રેલ્વેલાઈન પર ઓવરબ્રિજ બનાવીને 'ખ' રોડ સાથે જોડવાનું આયોજન પણ ચાલી રહ્યું છે."

### વાવોલમાં હજુ પણ અનેક બાબતોની અવગણના

**- રાજદિપસિંહ બિહોલા (રાજા)**
**સ્થાનિક યુવા અગ્રણી**

"વાવોલમાં પહેલાં પણ તળાવને વિકસાવાયું હતું પરંતુ તેમાં ક્યારેય પાણી ભરવામાં આવ્યું નહી. વાવોલમાં બનાવાયેલું વિવેકાનંદ શોપીંગ સેન્ટર સાવ નક્કામું સાબિત થયું અને વિવાદમાં સપડાઈને બંધ પડ્યું છે. વાવોલના ગામના બંને રેલ્વે ફાટક દૂર કરવા અંગે કોઈ આયોજન દેખાતુ નથી તે નિરાશાજનક બાબત છે. આ ઉપરાંત વાવોલમાં દરેક સેક્ટરની જેમ એક રંગમંચ પણ બનાવવો જરૂરી જણાય છે."

### વિકાસથી વંચિત રહેલા વાવોલમાં હવે વિકાસ કાર્યોમાં ઝડપ આવી

**- મેહુલભાઈ પટેલ**
**જાણીતા બિલ્ડર**

"અત્યાર સુધી વાવોલ ગાંધીનગર શહેરની નજીક હોવા છતાં તેનો યોગ્ય વિકાસ થયો નહોતો પરંતુ હવે આ વિસ્તારમાં ટીપી-૧ ૩ના આયોજન પછી વિકાસની ગતિએ ઝડપ પકડી છે. વાવોલમાં જે રીતે રોડ-રસ્તા, સ્ટ્રિટલાઈટ, બગીચા વગેરે ઉપરાંત ગટર વ્યવસ્થા, પાણી વગેરેની પાયાની સુવિધાઓ વિકસી છે તે ખરેખર પ્રસંશનીય છે. હવે વાવોલ વિસ્તારનું ખરૂ મૂલ્ય દેખાઈ રહ્યું છે."